શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપક

વર્ષ : ૧૫

અંક : ૭

ગ્રામ સંજીવની સમિતી

રાષ્ટ્રિય ગ્રામિણ સ્વાસ્થ્ય મિશનએ ૨૦૦૫થી ગ્રામ્ય સ્તરે આરોગ્યની સેવાઓ પુરી પાડવા આપેલ બાંહેધરીના ભાગરૂપે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૯/૨/૨૦૦૭ના ઠરાવથી ગ્રામ આરોગ્ય સમિતિઓની રચના દરેક ગામોમા થઈ. જેમાં જનસમૂદાયમાંથી ૬ સભ્યો અને આરોગ્ય, શિક્ષણ અને પોષણ સેવા પુરી પાડનાર કાર્યકરોમાંથી ૫ સભ્યો પસંદ કરી કુલ ૧૧ સભ્યોનો સમાવેશ કરવાનો હતો અને તેની મુદત ત્રણ વર્ષની રાખવામાં આવી હતી.

આ સમિતીઓ રાષ્ટ્રિય ગ્રામિણ સ્વાસ્થ્ય મિશનના ઉદેશો મુજબ કાર્યરત રહે તો તમામ સેવાઓ છેવાડાના માણસ સુધી પહોંચાડવામાં ઘણી સરળતા રહે તેમ માનવામાં આવ્યુ.

અનુભવે સમજાયુ કે આ સમિતીઓની રચના બાદ તેમના કાર્યો, તેમને મળતા ફંડના ઉપયોગ, તેના હિસાબો તથા મીટીગ સંચાલન તેમજ સભ્યોની ભૂમિકા અને જવાબદારીઓ બાબતે તેઓ જોઈએ તેટલા સંવેદનશીલ કે સક્ષમ જણાયા નહી જેથી છેલ્લા ચારેક વર્ષથી અલગ અલગ તબકકાઓમાં આ સમિતીઓના ક્ષમતા વર્ધનની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

ફેઝ–૧માં અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાની તમામ સમિતીઓ તથા ફેઝ–૨માં જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાની તમામ સમિતીઓના ક્ષમતા વર્ધનની કામગીરી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. ફેઝ–૩માં સુરત જીલ્લાના બારડોલી તાલુકાની ગ્રામ સમિતીઓના સભ્યો સાથે આ પ્રક્રિયા ટ્રાઈબલ વિસ્તારના કામનો અનુભવ ધરાવતી હરિરાજ સંસ્થાની ટીમએ ઓરીએન્ટેશન તથા બેઈઝલાઈનની કામગીરી હાથ ધરેલ છે.

<u>પ્રિય વાચક મિત્રો,</u>

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

સફળતાનુ ઝરણુ

કહેવાય છે કે પ્રત્યેક પણ હકારાત્મક વિચાર કરનારને સફળતાની નજીક લઈ જાય છે. વીજળીના ગોળાની શોધ કરનાર થોમસ આલ્વા એડિસન એક શોધની પાછળ દિવસ રાત એક કરી રહયા હતા. સેંકડો પ્રયત્ન કરવા છતા પણ પરિણામ મળતુ ના હતુ. સાથી વૈજ્ઞાનિકો થાકી હારીને આ શોધ પડતી મુકવા માટે એડીસનને સમજાવી રહયા હતા.

જો કે એડીસનને પ્રયોગની સફળતા માટે શ્રધ્ધા હતી. સહાયક વૈજ્ઞાનિકો હતાશ થઈને કહેવા લાગ્યા કે આમ ને આમ તો જીંદગી પુરી થઈ જશે, એના કરતા આપણે હવે કોઈ બીજી શોધ પર ધ્યાન કેન્દ્રિત કરીએ, પણ એડિસન પોતાના વિચારોમાં અડગ હતા. સંશોધન પાછળના પ્રયાસ છોડી દેવા તે તૈયાર ના હતા.

એક વાર તો અધીરા થયેલા સહાયકોએ એમને સ્પષ્ટપણે કહી દીધુ કે તમે પાંચસો વાર હાર્યા છો. પાંચસો પ્રયોગોનુ કોઈ પરિણામ નથી આવ્યુ હવે તમે આ પ્રયોગ કરવાનુ નહિ છોડો તો અમે તમને છોડીને જતા રહીશુ..... એડીસન એમને ઉતર આપતા કહે અહી જ તમારી ભુલ થાય છે. આપણે હાર્યા નથી. પ્રત્યેક નિષ્ફળ પ્રયોગ આપણને સફળતાની નજીક લાવી રહયો છે. આ સમયે તમે પ્રયાસ છોડી દેશો તો આપણે નિષ્ફળ જવાના. મને હવે સફળતા ડોકાઈ રહી હોય એમ લાગે છે ત્યારે જ તમે નિષ્ફળતા ભણી જાતે જ જઈ રહયા છો. અંતે સહાયકોએ મને–કમને એડીસનને સહાય કરવાનુ ચાલુ રાખ્યુ. યોગાનુયોગે બીજા પાંચ પ્રગોગ કર્યા ત્યા જ પ્રયોગ સફળ નીવડયો અને એડિસન નુ નામ અમર થઈ ગયુ.

સાર :

નિષ્ફળતા માંથી માણસ જીવનના મહત્વના પાઠ શીખે છે. જે નિષ્ફળતાથી ગભરાય છે, હતાશ થાય છે એ વ્યકિત જીવનમાં કયારેય સફળ થતી નથી. જીંદગીમાં જે પામવા માટે પાંચસો બારણા ખટખટાવ્યા હોય એજ બારણા ઘણી વાર ઉઘડવાની કે તુટવાની તૈયારીમાં હોય છે. ભુતળમાથી પાણી કાઢવા પાંચસો ફુટ ખોદાણ કર્યા પછી બીજા પાંચ ફુટ માટે પાછા ના પડશો. કદાચ સફળતાનુ ઝરણુ એમાથી પણ પ્રગટે.

માનશો તેવુ પામશો

જેવા વિચારો તેવી જ માન્યતાઓ.
જેવી માન્યતાઓ તેવો જ દ્રષ્ટિકોણ.
જેવો દ્રષ્ટિકોણ તેવી જ લાગણીઓ.
જેવી લાગણીઓ તેવી વર્તણૂંક.
જેવી વર્તણૂંક તેવી જ કાર્યક્ષમતા.
જેવી કાર્યક્ષમતા તેવાં કાર્યો.
જેવાં કાર્યો તેવાં જ પરિણામો.
આપણા કાર્યોનું પરિણામ એ જ આપણું જીવન

– સંકલન : *સાજીત રાઠોડ*

આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારુ છે.

સ્મરણની બે વાતો

(૧) બે વસ્તુ માટે મરો – મિત્ર અને દેશ
(૨) બે વ્યકિતની મશ્કરી ના કરવી – અપંગ અને ગરીબ
(૩) બે વસ્તુથી દુર રહો –અભિમાન અને ખોટો દેખાવ
(૪) બે વાતથી હમેશા બચો – આપણા વખાણ અને બીજાની નિંદા
(૫) બે વાતોમા અડગ રહો – સત્ય અને અહિંસા
(૬) બે વસ્તુ પર કાબુ રાખો – ટેવ અને ગુસ્સો
(૭) બે વસ્તુ કોઈની રાહ જોતી નથી – સમય અને મરણ
(૮) બે વસ્તુને દુશ્મન માનો – આળસ અને નિષ્ઠુરતા
(૯) બે વસ્તુને વિકસાવો – બુધ્ધિ અને શરીર
(૧૦) બે વાત કદીના ભુલો – ઉપકાર અને ઉપદેશ

જાણવા જેવુ.....

- માણસ જ એવુ પ્રાણી છે કે જે આંસુ સારીને રડી શકે છે.
- આંખ પટપટાવીએ ત્યારે ૨૦૦ સ્નાયુઓનો ઉપયોગ થાય છે.
- આપણા મગજનો જમણો ભાગ શરીરના ડાબા ભાગના અંગ અવયવોનુ સંચાલન કરે છે.
- ફિંગર પ્રિન્ટની જેમ માણસની જીભની પ્રિન્ટ પણ જુદી જુદી હોય છે.
- બધી જાતના કરોળિયામાં જાળા ગુંથવાની ગ્રંથિઓ હોય છે. પરંતુ બધા કરોળિયા જાળા નથી ગુંથતા.
- ઝિબ્રા ક્રોસિંગનો સૌથી પહેલા ઉપયોગ ૧૯૧૧ની સાલમા સંયુકત રાજય અમેરિકામાં થયો હતો.
- ૧૮૬૫ની સાલમાં વરાળથી ચાલતા વાહનોની ઝડપ છ કિ.મી. ની રહેતી હતી.
- ઈ.સ. પૂર્વે ૧૮૫૫માં આરસીડબલ્યુ સુપરનોવા નોંધવામા આવ્યો હતો.
- સુર્ય દસ કરોડ વર્ષમાં જેટલી ઉર્જા ઉત્પન્ન કરે છે તેટલી ઉર્જા સુપરનોવાનો ધડાકો દસ સેકન્ડમાં ઉત્પન્ન કરે છે.
- સમગ્ર વિશ્વમાં આઈસક્રીમમાં અનેક ફલેવર ઉપલબ્ધ છે જેમાથી વેનિલા ફલેવર સૌથી વધુ ફેવરીટ છે.
- ઓસ્ટ્રલિયામાં મળી આવતી નયન્ની બ્રુક નામની ચકલી બીજી કોઈ પણ જાતની ચકલીની બોલી બોલી શકે છે.
- ગોલ્ફના બોલમાં ૩૬૬ ડિમ્પલ (ખાડા) હોય છે.
- વરસાદનુ એક ટીપુ વધુમાં વધુ ૧૮ માઈલ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વી પર વરસતુ હોય છે.

બુધ્ધિમાન એ છે કે જે બોલતા પહેલા વિચારે છે, જયારે બીજા બોલ્યા બાદ વિચારે છે.

ખેડૂત તાલીમ

છેલ્લા એક વર્ષથી દરિયા કાંઠે વસતા ખેડૂતોને વૈવિધ્ય ખેતી અને ઉત્પાદનમાં વધારો મેળવવા ચાલતા પ્રયાસોમાં તેના ભાગરુપ જાફરાબાદ અને ઉના તાલુકાના બલાણા, રોહિસા, લોર અને ફાચરીયા મુકામે ઓફ કેમ્પસ ખેડૂત તાલીમો યોજવામાં આવી હતી. જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	ગામ	સંખ્યા	તારીખ
૧	લોર	૩૩	૧૬/૭/૨૦૧૩
૨	ફાચરીયા	૧૭	૧૬/૭/૨૦૧૩
૩	બલાણા	૩૧	૧૭/૭/૨૦૧૩
૪	રોહિસા	૩૭	૧૭/૭/૨૦૧૩

તાલીમોમાં ખેડૂતોને બીજ માવજતથી લઈને લણણી સુધીની પ્રક્રિયા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં જમીનના પ્રકારો, ખાતરની માત્રા, બીજ માવજત, પિયતની માત્રા, પાક ફેરબદલી, બીજની માત્રા વગેરે વિશે ખેડૂતોની જાણકારી અને કુશળતાઓ પર સમજ બનાવી. આ પ્રક્રિયાને નિરંતર બનાવવા દરેક ગામમાં ખેડૂત મંડળો બનાવવા અને તેને અન્ય યોજનાઓ સાથે જોડવાની કાર્યવાહી કરવા આયોજન થયુ. આ તાલીમો ખેતીના તજજ્ઞો તથા સંગઠન રચનાના નિષ્ણાંત સાથે રહી સંસ્થાની ટીમના સભ્યોએ પણ ખેડૂતો સાથે સંવાદ રચ્યો હતો.

આ વિસ્તારના ૪૪ ખેડૂતો આ વિવિધ પધ્ધતિઓ પર પ્રયોગ કરવા સામેલ થયા છે. ખેડૂતો તેમને મુંઝવતા પ્રશ્નોમાં તેમજ પાકને લગતી માહિતીઓ સરળતાથી મેળવી શકે તે

માટે સંસ્થાના ખેતિવાડી અધિકારીઓ તથા ક્ષેત્રિય સ્વયંસેવકો ખેડૂતોના નિયમિત સંપર્કમાં રહે છે. જે ખેડૂતો પાક પર નિદર્શન, બિયારણ પ્લોટ કરવા સંમત થયા છે તેઓને જમીન માવજત તથા જયાં જરુર હોય ત્યાં ઈનપુટ સહાય કરવામાં આવી છે ખાસ કરીને મગફળી અને કપાસના બીજની નવી વેરાયટીઓ સંસ્થાએ વિવિધ સ્તરેથી મેળવી વાવણી પહેલા

તેઓને પહોચાડી છે. ગત વર્ષે ખરીફ સીઝનની સરખામણીએ આ વર્ષે વરસાદનુ પ્રમાણ સારુ હોય ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળે છે.

ખારાશ વિસ્તારોથાન યોજનાના પ્રતિનિધિઓ શ્રી દેવશ્રી પુરોહીત તથા ડો. જી. એમ. પટેલ દ્વારા તા. ૨૪ ના રોજ આ વિસ્તારના ખેડૂતોએ કરેલા નિદર્શનોની મુલાકાત લીધી હતી, તેઓએ ખેડૂતોને મળી તેમના પ્રતિભાવો પર તથા તેમની મુશ્કેલીઓ કે નવી ટેકનોલોજીની જાણકારી બાબતે ચર્ચા કરી હતી. આ મુલાકાત દરમ્યાન શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની આ કાર્ય સાથે સંકળાયેલી ટીમે પણ સાથે રહી તેમના આ કાર્યના અનુભવોનુ આદાન પ્રદાન કર્યુ હતુ. નિદર્શન તથા કંટ્રોલ પ્લોટના મોનીટરીગ બાબતે ચર્ચા કરી હતી. ખેડૂતોએ મેળવેલી તાલીમો તથા હવે પછી યોજવાની થતી તાલીમના વિષયો પણ ચર્ચવામાં આવ્યા હતા. જાફરાબાદ તથા ઉના તાલુકાના આ ત્રણ પોકેટના તમામ ખેડૂતોને કેન્દ્ર સ્થાને રહે છે તેવા ટીબી ગામે સંસ્થાએ પોતાનું ક્ષેત્રિય કાર્યાલય શરુ કરેલ છે તેની જાણ તમામ ખેડૂતોને કરવામાં આવી છે.

નસીબના ભરોસે બેસી રહેવુ તે કાયરતાની નિશાની છે.

I'VE LEARNED

I've learned that no matter what happens, or how bad it seems today, life does go on, and it may be better tomorrow.

I've learned that you can tell a lot about a person by the way he/she handles a rainy day and lost language.

I've learned that regardless of your relationship with your parents, you'll miss them when they're gone from your life.

I've learned that making a "living" is not the same thing as making a "life".

I've learned that life sometimes gives you a second chance.

I've learned that you shouldn't go through life with a catcher's mitt on both hands. You need to be able to throw something back.

I've learned that whenever I decide something with an open heart, I usually make the right decision.

I've learned that even when I have pains, I don't have to be one.

I've learned that every day you should reach out and touch someone.

People love that human touch-holding hands, a warm hug, or just a friendly pat on the back.

I've learned that I still have a lot to learn.

I've learned that you shouldn't yourself to the best others can do.

I've learned that you should always leave loved ones with loving words. It may be the last time see them.

I've learned that no matter how bad your heart is broken the world doesn't stop for your grief.

I've learned that it takes years to build up trust, and only second to destroy it.

સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા, અને જો સંબંધો સાચા હોય તો સાચવવા નથી પડતા.

તમારા ધ્યયને સતત નજર સામે રાખીને જીવો.

સ્વ નેતૃત્વની નિષ્ફળતાની ખોટને કોઈપણ સંજોગોમાં ગમે તેટલા સારા પ્રતિભાશાળી મેનેજમેન્ટથી ભરી શકાય નહી.

પોતાની જાતને નેતૃત્વ પુરુ પાડવાના સિધ્ધાંતોના અભ્યાસ કરતા પહેલા તમે થોડીવાર એકાંતમાં બેસો બધી જ દુનિયાદારી ભુલી જાવ આંખો બંધ કરો અને વિચારો કે આખી જીંદગી દરમ્યાન તમને શું મળે કે તમે શું બનો તો તમને એમ લાગે કે તમે તમારી જીંદગી સફળ રીતે જીવ્યા છો. આ રીતે ખૂબ ગંભીરતાથી વિચારીને તમારા જીવનનું અંતિમ ધ્યેય નક્કી કરો.

આપણે ખૂબ જ વ્યસ્ત હોઈએ તેમ બને ખૂબ જ કાર્યક્ષમ હોઈએ તેમ પણ બને પરંતુ આપણે ખરેખર અસરકારક અને સફળ ત્યારે કહેવાઈએ જયારે આપણે આપણા અંતિમ ધ્યેયને જ નજર સામે રાખીને જીવીએ જેની તુલનામાં હવે પછી બનનારી બધી જ જીવન ઘટનાઓનું પરીક્ષણ કરી શકાય હવે પછી તમારા દિવસો, મહીનાઓ, વર્ષો અને દસકાઓમાં તમે જે પણ બની શકો તેનું મુલ્યાકન છેવટે તમારા અંતિમ ધ્યેય સાથે થાય. જીવનના અંતિમ ધ્યેયને સ્પષ્ટ રીતે નજર સામે રાખવાથી તમે દરેક વખતે એવી કાળજી રાખીને તમારી જાતને દોરી શકો છો કે કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ પણ દિવસે તમે જે કંઈ પણ કરો તે બધુ જ તમારા અંતિમ ધ્યેય તરફ આગળ વધવામાં યોગદાન આપે.

સંતોષ

એક શહેરમાં એક વ્યકિત રહેતો હતો તેણે થોડું મૂડીરોકાણ કરીને વેપારની શરૂઆત કરી ધીમે ધીમે તેનો વ્યવસાય વધવા લાગ્યો અને થોડા સમયમાં જ તે લખપતિ શેઠ બની ગયો. ધીમે–ધીમે તે પ્રૌઢ અને વૃદ્ધ થયો. પરંતુ પૈસાની ઈચ્છા ઓછી થઈ નહી. એક દિવસ સપનામાં તેણે મોત જોયું એ ડરી ગયો. તેને મૃત્યુનો સતત ભય રહેવા લાગ્યો તેની બધી જ ખુશી જતી રહી. એક દિવસ તેનો મિત્ર તેને એક સાધુ પાસે લઈ ગયો.

શેઠે સાધુને કહ્યું કે મહારાજ મૃત્યુ મારો પીછો છોડતું નથી. સાધુએ કહ્યું કે મોહ અને મૃત્યુ અભિન્ન મિત્ર છે. જયાં સુધી તમારા મનમાં મોહ છે ત્યાં સુધી મૃત્યુનો ભય ડરાવતો રહેશે. મોહથી મુકત થવા માટે એક હાથે લો અને બીજા હાથે દાન કરો. સાધુની વાત પર અમલ કરીને પેલી વ્યકિતએ ધન કમાવવાની સાથે છૂટા હાથે દાન આપવાનું શરૂ કર્યુ. આથી તેનો મૃત્યુનો ભય પણ જતો રહ્યો. મોહ વ્યકિતને હંમેશાં અસંતુષ્ટ રાખે છે. અસંતોષ દુઃખને જન્મ આપે છે. આથી પરિશ્રમ અને જેટલું મળે તેમાં સંતુષ્ટ રહો.

– સંકલન : માધુરી ગોહીલ

મનુષ્ય જ્ઞાન સ્વરુપી ધન જો પોતાના મગજમાં ભરી લે તો કોઈ તેને છીનવી શકતુ નથી.

Happy Birthday

1.	Alpa Gohil	22-08-1982
2.	Daya N. Harkhni	31-08-1975
3.	Jotsna P. Solanki	12-08-1976
4.	Rajesh R. Bhalani	08-08-1976
5.	Pratibha J. Maru	09-08-1987
6.	Rajeshkumar Bamta	06-08-1970
7.	Trupti D. Vagh	18-08-1980
8.	Vajubhai Govindiya	15-08-1972
9.	Zarna V. Doshi	22-08-1978

Engage on this month

3	Presentation on FPO at Delhi
4-5	Training for Agriculture Officer & Field Volunteer - Sayla
6	Staff Meeting At Amreli
15-21	Refresher training for counsellor
16-17	off campus farmer training At Balana, Lor, Rohisa, Fachriya
19-20	SHG training -Jam Kandorana
22-23 & 26-27	: SHG Training - Lodhika
26	Sajjatasangh AGM-A'bad
30	Gujarat Rajya Krushak Munch AGM at Ahmedabad
24-25	Agri demo visit by CSPC
21-23	Baseline & orientation of VHNSC at Bardoli

Students in Field work

(1) Madhuri Gohil - 21/6 to 20/7/13
(2) Rinkal Makvana - 5/7 to 4/8/13
(3) Shital Vankadi - 5/7 to 4/8/13
(4) Komal Kalthiya - 5/7 to 4/8/13

માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012
Valid Upto 31/12/2014

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

પથ્થર ભલે છેલ્લા, ઘા થી તુટે છે, પણ એની પહેલા ના ઘા તો નકામા નથી જ જતા.